Saarth E-Journal of Research

ISSN NO: 2395-339X

# લગ્નેતર સંબંધો એક સામાજીક સમસ્યા

સુભાષ વી. વિરોલા*

માનવી એક સામાજીક પ્રાણી છે. સામાજીકતાને બાદ કરીએ, તો માનવ પણ અન્ય પ્રાણીઓની જેમ જ એક પ્રાણી છે. જેની પોતાની કેટલીક મૂળભૂત શારીરિક– માનસિક જરૂરિયાતો રહેલી છે. જેમ કે ભૂખ, તરસ, નિંદ્રા, જાતિયતા, જેવી શારીરિક જરૂરિયાતોની સાથો સાથ પ્રેમ, લાગણી, હૂંફ જેવી માનસિક જરૂરિયાતો પણ જોવા મળે છે. આ જરૂરિયાતોમાંથી કેટલીક જરૂરિયાતો વ્યક્તિ પોતે,એકલો જ સંતોષી શકે છે. બીજાની જરૂર પડતી નથી. જ્યારે કેટલીક જરૂરિયાતો માટે વ્યક્તિએ અન્ય વ્યક્તિ ઉપર આધાર રાખવો પડે છે. જે જરૂરિયાતો સંતોષવા માટે અન્ય વ્યક્તિઓ ઉપર આધાર રાખવો પડતો હોય, તેમાં બીજી અન્ય વ્યક્તિની ઈચ્છા, પસંદગી કે જરૂરિયાતનું પણ ધ્યાન રાખવું પડે છે. એટલે કે સમાન જરૂરિયાતો ધરાવતી વ્યક્તિઓ એકબીજાની જરૂરિયાતોનો સંતોષ મેળવી શકે અને સંતોષ આપી શકે તે માટે વ્યવસ્થિત વર્તનની ઢબ વિકસાવવી પડે. આ પરિસ્થિતિના નિવારણમાંથી માનવસમાજે માનવીની વિવિધ જરૂરિયાતોના સંતોષ માટે વર્તનની પદ્ધતિઓ વિકસાવી જેમાંથી સમૂહ સંસ્થાઓ અને સમાજનું નિર્માણ થયું. માનવીની વિવિધ જરૂરિયાતોના સંતોષ મેળવવાની પદ્ધતિઓમાંથી કુટુંબ, લગ્ન, શિક્ષણ, અર્થવ્યવસ્થા, ધર્મ રાજ્ય જેવી સંસ્થાઓ અને અન્ય સમુહોનું સર્જન થયું.

આ જ સંદર્ભમાં જોઈએ તો માનવીમાં રહેલી જાતિય સંતોષની શારીરિક જરૂરિયાત અને પ્રેમ, લાગણી, સંતોષ, સલામતી અને હૂંફ જેવી માનસિક જરૂરિયાતોના નિવારણ માટે માનવ સમાજમાં, લગ્ન જેવી સંસ્થાનો ઉદ્દભવ અને વિકાસ થયો

---

*Subhash V. Virola,Associate Prof.Dept. of Sociology,Anand Arts College,

Anand(Gujarat)

ISSN NO: 2395-339X

સમાજમાન્ય રીતે સભ્યો લગ્નથી જોડાય અને પરસ્પર જરૂરિયાતોનો સંતોષ મેળવે તેવી સામાજિક વ્યવસ્થાનું નિર્માણ થયું, સમય- સંજોગો અનુસાર એકસાથી, બુહસાથી કે સમૂહ લગ્નોનો ઉદ્દભવ અને વિકાસ થયો. તે જ રીતે લગ્નમાં જોડનાર પાત્રોની સંખ્યા, ઉંમર, લેવડ દેવડ, છૂટાછેડા, વિધવા- વિધુર અવસ્થા, પુનઃલગ્ન વગેરે અંગેના ધોરણોનો ઉદ્દભવ વિકાસ થયો. – તે સમાજની કે સમુદાયની પોતાની આગવી ભૌગોલિક, રાજકીય, ધાર્મિક કે વસ્તી વિષયક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અલગ– અલગ સ્વરૂપના લગ્નો અસ્તીત્વમાં આવ્યાં.

લગ્નમાં શારીરિક જરૂરિયાતની જેમ જ પ્રેમ, લાગણી, સલામતી, વફાદારી જેવી માનસિક જરૂરિયાતો પણ એટલી જ મહત્વની જોવા મળે છે. વફાદરીનું વલણ નિર્મિત હોવા છતાં પણ ક્યારેક, કેટલાંક કારણોસર લગ્નથી જોડાનાર સભ્યો, અન્ય વ્યક્તિઓ સાથે લગ્નેતર સંબંધો ધરાવતા જોવા મળે છે આવી પરિસ્થિતિમાં લગ્નથી જોડનાર પાત્રો, તેમના સંતાનોના

જીવન જોખમમાં મૂકાય છે લગ્ન અને કુટુંબ બંનેનું અસ્તિત્વ જોખમમાં મૂકાય છે જે સમાજ વ્યવસ્થાને પણ અસર કરે છે.

લગ્નેત્તર સંબંધો માટે દરેક સંબંધોના આગવા કારણ હોઈ શકે પરંતુ કેટલાંક સર્વસામાન્ય કારણો જોવા મળે છે. જે નીચે મુજબ જોઈ શકાય

Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

**1. પાત્ર પસંદગીના ધોરણો**

લગ્ન જીવન માટે પાત્ર પસંદગીના ધોરણો ખૂબ જ અગત્યના છે પાત્ર પસંદગીમાં ખામી સર્જાય તો લગ્નજીવનમાં સમસ્યાઓ ઉત્પન્ન થવાની શક્યતાઓ ઉત્પન્ન થાય છે. મોટા ભાગના સમુદાયોમાં પાત્ર પસંદગીમાં વડીલો યોજીત લગ્ન વ્યવસ્થા જોવા મળે છે જેમાં સંતાનોની પસંદગીને ખાસ મહત્વ આપવામાં આવતું નથીઅથવા તો પસંદગી માટે પુરતો અવકાશ પ્રાપ્ત થતો નથી. આ સંજોગોમાં સભ્યો એકબીજા સાથે અનુકૂલન સાધી શકતા નથી. જેમાંથી ક્યારેક લગ્નેતર સંબંધોસર્જાવાની શક્યતાઓ ઊભી થાય છે. પાત્ર પસંદગીની ખામી સંઘર્ષ, અલગ નિવાસનું સર્જન કરે છે. જે પણ લગ્નેતર સંબંધોમાં પરિણીમી શકે છે

**2. લગ્ન અંગેના નિયમો**

જ્ઞાતિ અંર્તલગ્ન, અધિઃલગ્નપ્રથા, ગોળ કે વર્તુળોમાં જ લગ્ન, સગાઓ વચ્ચેના લગ્નને પ્રાધાન્ય જેવા કેટલાંક સમુદાય આધારિત નિયમો લગન માટેની પાત્ર– પસંદગીમાં સમસ્યારૂપ બને છે. જેમાંથી પસંદગીમાં ખામી ઊભી થતાં કજોડાં લગ્ન સર્જાય છે. આવા શારીરિક કે માનસિક કજોડાં લગ્નોમાંથી સમય જતાં જરૂરિયાતોનો અસંતોષ અને તેમાંથી સંઘર્ષનું સર્જન થાય છે. જે અલગ નિવાસ કે લગ્નેતર સંબંધોનું સર્જન કરી શકે છે

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

**3. સંપર્કના ક્ષેત્રોનો વિકાસ**

પ્રાચીન સમયમાં ભારતીય પરંપરામાં સ્ત્રી – પુરુષો વચ્ચે મર્યાદાના સંબંધો હતાં તેમાં પણ સંપર્ક થઈ શકે તેવા ક્ષેત્રો કે સાધનો જોવા મળતા ન હતાં પ્રવર્તમાન સમયમાં શિક્ષણ, નોકરી, વ્યવસાય, જાહેર જીવન કે અન્ય કારણોસર સ્ત્રી પુરુષો ઘરથી બહાર અવાર –નવાર નિકળતા જોવા મળે છે. સહશિક્ષણ, સહવ્યવસાયની પરિસ્થિતિમાં પણ સતત સંપર્કથતો જોવા મળે છે. જેમાંથી અકબીજા વચ્ચે આકર્ષણ ઊભું થતાં સંબંધો સ્થાપિત થતા જોવા મળે છેઆવા સંબંધો ટકાવી રાખવા માટે પણ બાગ– બગીચા, હોટલ, સીનેમા સ્થળો, બસ, રેલ્વે કે અન્ય સાધનો સહાયક ભૂમિકા ભજવે છે વર્તમાન સમયમાં ખાસ કરીને મોબાઈલ, ઈન્ટરનેટ જેવા સાધનો આવા સંબંધો સર્જવામાં કે ટકાવી રાખવામાં મદદરૂપ બન્યા છે

**4. મહત્વકાંક્ષાઓ**

કેટલીક વ્યક્તિઓ જીવનમાં સતત નવી નવી મહત્વકાંક્ષાઓ ઊભી કરતી હોયછે પદ, પ્રતિષ્ઠા, સંપત્તિ, મોજશોખની લાલચ વ્યક્તિ ધરાવતી હોય છે. પરંતુ દરેક વ્યક્તિ તે પ્રાપ્ત કરી શકતી નથી. આવા સંજોગોમાં આવી મહત્વકાંક્ષાઓ સંતોષવા માટે વ્યક્તિ અસામાજીક રસ્તાઓ અપનાવવા તૈયાર થાય છે કે લાલચમાં આવે છે. જેમાંથી અન્ય પાત્રો કે જેમની પાસે આવા સાધનો ઉપલબ્ધ હોય, તેમની સાથે સંબંધો બાંધવા તૈયાર થઈ જાય છે

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

**5. વૈવિધ્યનો મોહ**

માનવજીવન વિવિધતા ધરાવે છે. પરિવર્તન ધરાવે છે. કેટલીક વ્યકિતઓ અનેક બાબતોમાં નવીનતાનું સર્જન કરવાનું કે નવીન વસ્તુઓનો ઉપભોગ કરવાની ઈચ્છા ધરાવે છે. આ વિચારસરણી વસ્તુઓમાંથી આગળ વધી વ્યક્તિઓના સંદર્ભમાં પણ ઉભી થતી જોવા મળે છે. નવી – નવી વ્યક્તિઓ સાથે સંબંધો બાંધવા પ્રેરાય છે ક્યારેક દેખા – દેખીમાંથી પણ આવી માનસિકતા અને સંબંધો સર્જાતા જોવા મળે છે

**6. જરૂરિયાતોનો અસંતોષ**

વ્યક્તિની જાતિય કે માનસિક જરૂરિયાતોનો પૂરતો સંતોષ ન થાય તેવા સંજોગોમાં કેટલીક વ્યક્તિઓ અન્ય વ્યક્તિઓ સાથે લગ્નેતર સંબંધો બાંધવા પ્રેરાય છેસાથો-સાથ આર્થિક સંકળામણની પરિસ્થિતિમાં, પોતાની કે સંતાનો કે કુટુંબના અન્ય સભ્યોની જરૂરિયાતોના સંતોષ માટે,સ્વૈચ્છાએ કે મજબૂરીથી વ્યક્તિ અન્ય વ્યક્તિઓ સાથે સંબંધોથી જોડાતી હોય તેમ જોવા મળે છે. સંયુક્ત કુટુંબ, નાના ઘરોમાં સ્વતંત્ર જીવનનો અભાવ, મર્યાદાઓના વધુ રૂઢિચુસ્ત ખ્યાલો, પડોશજીવન જેવા પરિબળો વ્યક્તિઓની જરૂરિયાતો સંતોષવામાં અવરોધરૂપ બને છે. આવી સ્થિતિમાં વ્યક્તિ અન્ય વ્યક્તિઓ સાથે સંબંધો બાંધવા પ્રેરાતી જોવા મળે છે

**7. નવા મૂલ્યો**

Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

પ્રાચીન સમયમાં કુટુંબવાદ, વફાદારી, પવિત્રતા વગેરે મૂલ્યોનું પ્રચલન જોવા મળતું હતું. સમય અને સંજોગો બદલાતાં હવે નવા મૂલ્યો જેવા કે મહત્વકાંક્ષી જીવન મોજશોખભર્યું જીવન, સ્વતંત્રતા, સમાનતા, વિકાસ, ભૌતિકવાદ, અંગતજીવન, સુખની લાલસા જેવા નવા મૂલ્યોનું સર્જન થયુંછે. આ મૂલ્યોની અસરથી પ્રભાવિત થઈ વ્યક્તિ લગ્ન જીવનમાં જોવા મળતાં મૂલ્યોને તરછોડતી થઈ છે જેમાંથી પણ લગ્નેતર સંબંધોનો ઉદ્દભવ- વિકાસ થાય છે.

**8. લગ્ન – અગાઉના સંબંધો**

પ્રવર્તમાન સમયમાં શિક્ષણ, નોકરી કે વિકાસની નવી પરિભાષાઓમાં લગ્નવય વધતી ગઈ છે. સાથે – સાથે સહશિક્ષણ, સહવ્યવસાય કે સંપર્કના ક્ષેત્રોના વિકાસને કારણે સ્ત્રી – પુરુષો એકબીજાના સંપર્કમાં આવે છે આ સંજોગોમાં મોટી ઉમંરે લગ્ન થતાં સુધીમાં કેટલાંક પાત્રો એકબીજા સાથે પ્રેમ સંબંધો મિત્રતા કે જાતીય સંબંધો ધરાવતા થાય છે આવા વ્યક્તિઓ એકબીજા સાથે કોઈક કારણસર લગ્નથી જોડાઈ ન શકતા, અન્ય પાત્રો સાથે લગ્નથી જોડાય છે. પરંતુ લગ્ન અગાઉના સંબંધોનો ત્યાગકરી શકતા નથી અથવા તો અમુક સમય પછી જૂના પાત્રો સાથે સંપર્ક થતા, સંબંધો પુર્નજીવીત થવાની શકયતા ઊભી થાય છે. જેમાંથી પણ લગ્નેતર સંબંધોનું સર્જન થાય છે

લગ્નેતર સંબંધો માટે આ ઉપરાંત ઉદ્યોગીકરણ, શહેરીકરણ, પશ્ચિમીકરણ જેવા પરિબળોએ પણ ભાગ ભજવ્યો છે. સામાજિક બંધનો નબળાં પડતાં, ઔપચારિક નિયંત્રણોવાળા સમાજમાં

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

વ્યક્તિને મુક્તતાનો અનુભવ થાય છે જેનો લાભ લઈ કેટલાંક વ્યક્તિઓ આવા સંબંધો વિકસાવતા જોવા મળે છે.

સૂચનો

1. પાત્ર – પસંદગીની પદ્ધતિમાં સુધારો કરવો જોઈએ જેમાં યુવક યુવતીને પસંદગીની તક વધુ રહે તેવા પ્રયત્નો કરવા જોઈએ
2. સ્વપસંદગીના લગ્નોને પ્રાધાન્ય આપવું જોઈએ
3. લગ્ન માટેની પાત્ર – પસંદગી અંગેના ધોરણો, રિવાજોમાં બદલાવ લાવવો જોઈએ પાત્ર પસંદગીનું ક્ષેત્ર વિશાળ બને તેવા પ્રયત્નો કરવા જોઈએ.
4. પરંપરાગત મૂલ્યો જેવા કે – વફાદારી, પવિત્રતા, કુટુંબવાદની ભાવના વગેરે નવી પેઢીમાં દૃઢીભૂત થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ
5. યોગ્ય ઉંમરે લગ્ન થાય, તો પાત્ર પસંદગી, જરૂરિયાતોનો સંતોષ વગેરેમાં સરળતા રહે તેથી યોગ્ય ઉંમરે લગ્ન થાય તેવા પ્રયત્નો કરવાજોઈએ.